REGISTERED No. GRJ-24

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. XLVIII] WEDNESDAY, 10th OCTOBER, 2007/ASHVINA 18, 1929 [No. 61

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગર સેવા સદન

**સુરત શહેર, મોજે : બમરોલી વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૮ (બમરોલી) તૈયાર કરવા બાબત.**

## અધિસુચન

નં. ટીડીપી/૪૬૪૧/૦૭.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગર સેવાસદનને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર સેવા સદનનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૩૯/૨૦૦૭ તા. ૬-૧૦-૨૦૦૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૮માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ બમરોલી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.-૫૮ (બમરોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૯ માહે ઓક્ટોબર, સને ૨૦૦૭.

(સહી) અવાચ્ય,<br>
કમિશ્નર,<br>
સુરત મહાનગર સેવા સદન.

## સુરત મહાનગર સેવા સદન

**મોજે : છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) તૈયાર કરવા બાબત.**

## અધિસુચન

નં. ટીડીપી/૪૫૯૬/૦૭.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની ડ્રાફટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગર સેવા સદનને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર સેવા સદનનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૪૪/૨૦૦૭ તા. ૬-૧૦-૨૦૦૭ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૭૦ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતનાં નોટિસ બોર્ડ પર રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૯ માહે ઓક્ટોબર, સને ૨૦૦૭.

(સહી) અવાચ્ય,<br>
કમિશ્નર,<br>
સુરત મહાનગર સેવા સદન.

ઠરાવ :

સુરત મહાનગર સેવા સદનની નગર નિયોજન સમિતિની તા. ૬-૧૦-૨૦૦૭નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૦૫-૧૦-૨૦૦૭નાં પત્ર નં. સીમીસ/૮/૨૯ થી વિદિત થઈ, ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના સુરત નં. ૭૦ (છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજયપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૪૪/૨૦૦૭ સર્વાનુમતે મંજુર**

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.